
# હિન્દુ ધર્મના વ્યાપક અર્થ અંગેનું એક વધુ પુસ્તક...

હિન્દુ ધર્મની વિભાવના શું છે અને તે વિશે યુગેયુગે અને વ્યક્તિએ-વ્યક્તિએ તેનો ખ્યાલ કેમ બદલાતો રહ્યો છે? હિન્દુ ધર્મના ખ્યાલને ઘણી વાર ખૂબ સંકુચિત રીતે રજૂ કરવામાં આવે છે તો અનેક સ્થાને હિન્દુ ધર્મને સર્વસમાવેશ તરીકે જોવાય છે. હિન્દુ ધર્મમાં નાસ્તિકતા સમાય છે અને એ રીતે અતિ કર્મકાંડી પણ હિન્દુ છે. ઘણી વખત હિન્દુ ધર્મને નિશ્ચિત ભૂગોળથી સરખાવવામાં આવે છે. હિન્દુ ધર્મમાં આમ છેડાના બે બિંદુઓનો સમાવેશ થાય છે. હિન્દુ ધર્મના આવા ખ્યાલને વધુ સ્પષ્ટ કરવા અર્થે જાણીતા લેખક રાજમોહન ગાંધી એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનું નામ છે : ‘ડુ યુ નો યોર હિન્દુઈઝમ?’ મતલબ કે તમે તમારા હિન્દુ ધર્મને ઓળખો છો? આનો ઉત્તર સ્વાભાવિક છે અનેકાનેક હોઈ શકે. પરંતુ તેમણે કેટલીક એવી બાબતો પુસ્તકમાં રજૂ કરી છે જેથી તે કોઈ પણ હિન્દુ ધર્મીને સ્વીકારવામાં વાંધો ન હોય.




તેમણે પોતાની વાત સંક્ષિપ્ત રીતે રજૂ કરી છે અને તે રજૂઆત મુજબ તેઓ લખે છે કે, ‘સૌથી પહેલાં તો હિન્દુ દુનિયાભરમાં પ્રસરેલા છે, તે માટે હિન્દુ ધર્મ હવે માત્ર ભારતના ભૂ-ભાગ સુધી મર્યાદિત રહ્યો નથી. ભારતની બહાર પણ હિન્દુ ધર્મ અસ્તિત્વ ધરાવે છે. પછી ભલે ને ભારતીય ન હોય તેવા મૂળ હિન્દુઓની સંખ્યા હજુ વધુ ન હોય. નજીકના ભવિષ્યમાં દુનિયાના મોટા ભાગના ભારતીય સંભવત હિન્દુ જ રહેશે અને વિશ્વભરના અધિકાંશ હિન્દુ સંભવત રીતે ભારતીય રહેશે.’ હિન્દુ ધર્મને લઈને જે પ્રશ્નો રાજમોહન ગાંધી કરે છે. તેમાં તેમની પૃચ્છા છે કે, શું હિન્દુ મૂલ્ય વિશ્વના મન પર મુખ્ય સ્થાન મેળવશે કે નહીં? વહેતાં સમય સાથે હિન્દુ મૂલ્યોને હિન્દુ જ્ઞાતિથી વેગળી ઓળખ મળી શકશે? જેથી પૂરી માનવતા તેને સ્પષ્ટ રીતે સમજી શકે અને તેને સ્વીકારવા અર્થે સક્ષમ હોય? વિશેષ રીતે હિન્દુને ભારતીય કે ભારતીય ન હોય તેવાં જીવનસાથી કે મિત્રને હિન્દુ મૂલ્યોને વધારે સ્પષ્ટતાથી સમજાવી શકશે?’

રાજમોહન આગળ કહે છે કે, ‘આપણે એ સ્વીકારી લેવું જોઈએ કે ભારતીય અને હિન્દુઓને દુનિયા જોઈ રહી છે અને સમજવાનો પ્રયાસ પણ કરે છે. શું વિશ્વ હિન્દુ સમાજની વૃદ્ધિને જિજ્ઞાસાની રીતે જોઈ રહ્યો છે? કે આનંદથી? આશાથી કે ચિંતાથી? કે પછી ભયથી, એટલે સુધી કે દુશ્મનાવટની રીતે? આનો જવાબ આંશિક રીતે તેના પર નિર્ભર કરે છે કે એક હિન્દુ દેશ અને વિદેશમાં કેવો વ્યવહાર કરે છે અને એ પણ કે હિન્દુ બહુમતી અને સરકારી સંસ્થાઓ દેશમાં ધાર્મિક રીતે અલ્પસંખ્યો સાથે કેવો વ્યવહાર કરે છે? આ અંતિમ પ્રશ્નને લઈને સ્થિતિ વ્યાપક રીતે માપદંડ તરીકે સ્વીકારાયેલી છે. એક પછી એક ઘટના દુઃખ જન્માવે છે અને માત્ર દુઃખ નહીં, પરંતુ આઘાત, ઘૃણા, ગુસ્સો અને શરમ સુદ્ધા. ક્યારેક તેમાં વ્યવહાર અમાનવીય હોય છે અને સૌથી ચિંતાજનક વાત એ છે કે આ પ્રશ્નના ઉત્તરમાં માત્ર મૌન પળાય છે. ન કોઈ ફિટકાર, ન અસહમતી, ન સુધારાનો અવાજ, ન સરકાર તરફથી, ન કે સત્તા પક્ષ તરફથી. આ એટલું નિરાશાજનક છે કે હિન્દુ ધર્મના ધાર્મિક સંગઠનો સુધ્ધા મૌન ધરીને બેઠા છે.’


ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

હિન્દુ ધર્મને સમજવા-જાણવા અર્થે વર્તમાનમાં થઈ રહેલી ઘટનાઓનો સંદર્ભ રાજમોહન ગાંધીએ આપ્યો છે અને તે કારણે હિન્દુ ધર્મની છબી કેવી રીતે ખરડાઈ છે તેની વાત પણ તેઓ કરે છે. તેઓ લખે છે એ મતલબનું છે કે, પ્રામાણિક હિન્દુઓ કોઈના પર થયેલા હુમલા બાદ મૌન ધારણ કરે છે તે બેવડા આઘાત સમાન છે. હિન્દુ ધર્મ વિશે જાણવા સમજવા માંગતા જિજ્ઞાસુઓ માટે આ સ્થિતિ નિરાશાજનક છે. આગળ તેઓ લખે છે કે, ‘આપણે આ પ્રકારના પેટર્નના આદિ થઈ ચૂક્યા છીએ. વ્હાટ્સએપ દ્વારા સંગઠીત ભીડ કોઈ મુસ્લિમ પર કથિત રીતે ગૌમાંસ રાખવા કે કોઈ અન્ય આરોપ હેઠળ હિન્દુ ધર્મની લાગણીને ઠેસ પહોંચાડવાને લઈને હુમલો કરે છે. પોલીસ પણ હુમલાખોરોના બદલે પીડિતાના સંબંધીઓને પાછળ પડે છે કે ભીડ પર જે આરોપ લાગ્યા છે તે ખોટા છે કે સાચાં. ન્યાયાલયો મંદ ગતિએ કાર્યરત છે અને આ મુદ્દામાં હસ્તક્ષેપ કરવામાં ખચકાટ અનુભવે છે. અપવાદોને છોડી દઈએ તો મીડિયા પણ આ પ્રકારના હુમલાઓને દબાવી દે છે અથવા તો તેનું દેખાડવાનું પ્રમાણ ઓછું છે. રાજકીય અને ધાર્મિક આગેવાન તેને યોગ્ય ઠેરવવા માટે દલીલો કરે છે.’

**હિન્દુ ધર્મને સમજવા-જાણવા અર્થે વર્તમાનમાં થઇ રહેલી ઘટનાઓનો સંદર્ભ રાજમોહન ગાંધીએ આપ્યો છે અને તે કારણે હિન્દુ ધર્મની છબી કેવી રીતે ખરડાઇ છે તેની વાત પણ તેઓ કરે છે**

રાજમોહન ગાંધી દેશમાં હિન્દુ-મુસ્લિમ વિખવાદની ઘટનાઓ ટાંકી છે તેમાં ક્યાંક બાળકો પણ શિકાર થયા છે. માનવી તરીકે આપણી નીચેની પાયરીએ ઉતરી રહ્યા છે તે તરફ તેમનો નિર્દેશ છે. આ મુદ્દો સમજાવવા અર્થે તેઓ રાજમોહન ગાંધી તેમના દાદા અને દેશના રાષ્ટ્રપિતા ગાંધીજીનો એક દાખલો ટાંકે છે. તેઓ લખે છે કે, ‘ગાંધીજીએ પોતાની આત્મકથા સત્યના પ્રયોગોમાં 1894ની એક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે તેઓ 24 વર્ષના વકીલ હતા અને દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં વસવાટ કરતા હતા ત્યારે એક તમિલ ભાષી મજૂર બાલાસુંદરમ્, જેને તેના ગોરા માલિકે માર મારીને અધમૂઓ કરી નાંખ્યો હતો. બાલાસુંદરમ્ તે પછી ગાંધી પાસે મદદ માંગવા ગયો. ગાંધીજીએ તે મજૂરને અન્ય માલિક પાસે મૂકવાની મદદ કરી. આ ઘટના વિશે ગાંધીજીએ લખ્યું છે કે, ‘બીજાને નામોશ કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતાં હશે એ કોયડો હજુ લગી હું ઉકેલી શક્યો નથી.’’

રાજમોહન ગાંધીજીએ જેમ અહીં ગાંધીજીનો પ્રસંગ ટાંક્યો છે તેમ તેમના હિન્દુ ધર્મના લખાણ પર ગાંધીજીની અસર બેશક રહી હશે, કારણ કે ગાંધીજીએ હિન્દુ ધર્મ વિશે ખૂબ લખ્યું છે. જોકે અહીં એક વાત સ્પષ્ટ કરવી રહી કે ગાંધીજી અન્ય ધર્મો વિશે પણ ખૂબ લખ્યા બોલ્યા છે. ગાંધીજી હિન્દુ ધર્મ વિશે કહે છે કે, ‘મારી નજરે તો હિન્દુ ધર્મ બધી જરૂરિયાતોને પૂરી કરે છે. તેની વિશાળ છાયામાં દરેક જાતના વિશ્વાસને રક્ષા મળી જાય છે. હિન્દુ ધર્મ પ્રત્યેનો મારો ભાવ હું કઈ રીતે વર્ણવી શકું? મારી સ્ત્રી પ્રત્યેનો મારો ભાવ હું વર્ણવી શકું તો હિન્દુ ધર્મ પ્રત્યેનો મારો ભાવ વર્ણવી શકું. મારી સ્ત્રી મારા અંતરને જે રીતે હલાવે છે તે રીતે દુનિયાની બીજી કોઈ સ્ત્રી હલાવી શકે એમ નથી. આનો અર્થ એવો નથી કે એનામાં હું કંઈ દોષ જોતો નથી. હું કહું છું કે હું જોઈ શકું છું તે કરતાં પણ વધારે દોષો તેનામાં હશે. છતાં એક અતૂટ મમતાના બંધનથી ભાવના અહોરાત્ર મારા અંતરમાં જાગ્રત છે. તે જ મમતાની ભાવના હિન્દુ ધર્મને માટે પણ તેના બધા દોષો અને મર્યાદાઓ છતાં મારા અંતરમાં છે.’ તેમના આ વિચાર ‘મહાત્મા ગાંધીના વિચારો’ પુસ્તકમાં વાંચવા મળે છે અને હિન્દુ ધર્મ વિશેના વિચારો રજૂ કરતા તેઓ ગાંધીજી એટલે



સુધી જાય છે કે તેઓ એમ સુધ્ધા કહે છે કે, ‘હું અવશ્ય માનું છું કે ઈશ્વરના દરબારમાં નથી કોઈ હિન્દુ કે નથી ખ્રિસ્તી કે નથી મુસલમાન. ત્યાં ઈશ્વર કોઈને નથી પૂછવાનો કે તારો ધર્મ શો હતો. તું તને મુસલમાન કહેવડાવતો હતો કે હિન્દુ; ત્યાં તો ઈશ્વર એ જ પૂછશે કે તે કેવાં કર્મ કર્યાં છે. આ લોકમાં છીએ ત્યાં લગી આપણે પોતાના ધર્મથી જ ઓળખાવવાનું છે એ વાત સાચી. એટલે મારે તો જ્યાં સુધી મારી ઉન્નતિને વાંધો ન આવે કે કોઈ પણ બીજા ધર્મનું સારું તેટલું લેવામાં અડચણ ન આવે ત્યાં સુધી મારા બાપદાદાનો જ ધર્મ ચાલુ રાખવો જોઈએ.’

હિન્દુ ધર્મની વ્યાપકતા કે સૂક્ષ્મતા આટલા શબ્દોમાં ન જ સમજાવી શકાય. ગાંધીજીના હિન્દુ ધર્મ વિશે લખ્યું છે તેનો પરિપ્રેક્ષ્ય વ્યાપક રાખ્યો છે તે અહીં કહેવાની જરૂર નથી અને એ રીતે રાજમોહન ગાંધીના આ પુસ્તકમાં પણ હિન્દુ ધર્મના તમામ પાસાંની ચર્ચા કરવામાં આવી છે. આ શબ્દોથી સમજણ ગમે તેટલી સ્પષ્ટ થતી હોય પણ આખરે વ્યક્તિએ પોતાનો ‘ધર્મ’ તો પોતે જ શોધવાનો રહ્યો.




ટાઈટલ્સ :
વિચાર છોડો, વાનગી માણો (છેલવાણી)

આ જગતમાં 2 વાત ક્યારેય બદલાઈ શકશે નહીં: 1) સૂર્યની આસપાસ ગ્રહો ફરે છે. 2) ગુજરાતીઓનો ખોરાક પ્રેમ! જો વિશ્વ પ્રવાસી માર્કો પોલો, જો ગુજરાતી હોત તો નક્કી એ થેપલાં ને ગુંદા લઈને દુનિયા ખૂંદવા ગયો હોત અને પછી જો થેપલાં ખૂટી ગયાં હોત તો- “દુનિયા ગઈ તેલ લેવા” કહીને પાછો આવી ગયો હોત અને ઘરે આવીને સફેદ ઢોકળાં કે ઈદડાં તેલમાં ડૂબાડીને ખાતો હોત!

ઈન શોર્ટ- “દુનિયાનાં લોકો જીવવા માટે ખાય છે પણ મોટાભાગનાં ગુજરાતીઓ તો ખાવા માટે જીવે છે, એના કરતાં પણ ચાવવા માટે જીવે છે.” આપણને સતત જોઈએ: ચવાણું, ભૂસું, સેવ-મમરાં, વેફર, ખાખરા, મુખવાસ, ફાકી-માવો સતત બદલાતો ગુજરાતી સમાજ, ખાવાની બાબતે સદીઓ અગાઉ હતો એટલો જ આજે ય સ્વાદ-ઝનૂની છે ને રહેશે. આપણે ગુજરાતીઓએ દુનિયા ભરની ફૂડ-આઈટેમોને જ બદલી નાખી છે. એક જમાનામાં પરદેશગમન કરતા કે વટલાઈ ગયેલાઓને ગંગાજળ છાંટીને શુદ્ધ કરવામાં આવતાં એમ આપણે દુનિયાની કોઈ પણ વાનગી પર સાકર-અથાણા-તેલ-ડ્રાયફ્રૂટ છાંટીને એને ગુજ્જુ આઈટેમમાં વટલાવી નાખીએ છીએં!

આપણે નૂડલ્સમાં બીજી 5-7 આઈટેમો નાખીને, લાલ-પીળાં સોસ કે તેલ રેડીને એક અજાયબ ચાઈનીઝ ભેળ બનાવી નાખી છે. આપણે પાતળાં કડક પિત્ઝાને જાડ્ડાં ફૂલાવેલાં હાંડવા જેવા બનાવીને એને ‘પિત્ઝાનાં રોટલા’ જેવું દેશી નામ આપી દીધું છે. એટલું ઓછું ના હોય એમ પિત્ઝા પર દ્રાક્ષ, દાડમ, કાજૂ, ટૂટીફ્રૂટી અને ફ્રૂટ-જામ છાંટીને પિત્ઝાને મીઠ્ઠી ગુજ્જુ આઈટેમમાં પલટાવી નાખી અને પછી ગુજ્જુ ફોઈએ પાડ્યું એનું ‘ડ્રાયફ્રુટ પિત્ઝા’નામ! જો મારિયો પુઝોની ‘ગોડફાધર’ નોવેલમાં હતાં એવા ખૂંખાર ઈટાલિયન માફિયા ડોનને ખબર પડે કે આપણે એમનાં ઈટાલિઅન પિત્ઝાની કેવી હાલત કરી નાખી છે તો એ ડોન, પિત્ઝવાળાઓને મશીનગનથી ઉડાવી મૂકે! અરે, આપણે તો આઈસ્ક્રીમને પણ આદુ ને મરચાની ફ્લેવરવાળી બનાવવાની કલ્પનાશક્તિ ફેલાવી છે! આપણો ફરસાણ-પ્રેમ તો એવો છે કે ઠંડી આઈસ્ક્રીમના પણ ગરમાગરમ ભજિયાં પણ શોધી કાઢ્યા છે.

મિજાજ મસ્તી
સંજય છેલ

કદાચ, જલસા જ આપણો જીવન મંત્ર બની ગયો છે.

**ઈન્ટરવલ:**
યે સમઝો ઔર સમઝાઓ, થોડી મેં મૌજ મનાઓ,
દાલ રોટી ખાઓ, પ્રભૂ કે ગુણ ગાઓ. (રાજેન્દ્ર કિશન)

એવી જ રીતે થાઈ કે મેક્સિકન આઈટમોને પણ આપણે ‘હાઈબ્રીડ કે વર્ણસંકર’ ગુજ્જુ વાનગીઓ બનાવી નાખી છે. આવનારા સમયમાં ‘ફરાળી ફલાફલ’ કે ‘હિંગવાળાં હમસ’ કે ‘થાઈ થેપલાં’ ગુજ્જુઓની થાળીમાં થિરકતાં દેખાય તો નવાઈ નહીં. 100-125 વર્ષ પહેલાં 2-3 મિઠાઈઓ અને 1-2 ફરસાણોમાં ગુજરાતીઓનો જમણવાર થઈ જતો પણ આજે દુનિયાભરની આઈટમોને આપણે ગુજરાતી લેબલ આપીને રસટપકતી જીભને શાંત કરીએ છીએં. આપણે ગુજરાતીઓ કદાચ સૌથી વધુ આઈટમો ખાનારી પ્રજા તરીકે દેશમાં જ નહીં દુનિયામાં પણ નામ કાઢી શકીએં. પંજાબીઓ કરતાં આપણી ખાવાની માત્રા ભલે ઓછી હશે પણ સતત ખાવાની વાત કરવી, ખાધેલા ખોરાક વિશે વાગોળતાં રહેવું, સતત ચટપટું ચાવતા રહેવું, એ રસનો ચટકો આપણી કમજોરી છે અથવા તો એ જ આપણી તાકાત છે. અગાઉ આપણાં જમણવાર બેસીને થતાં હવે ઊભા ઊભા બૂફે-કાઉન્ટર પાસે થાય છે...એમાં યે આઈટમોનાં કાઉન્ટરો આપણી વસ્તીની જેમ સતત વધ્યાં છે.

50 કે 100 વર્ષ પહેલાનાં મરજાદી ગુજરાતીઓ પાઉં કે કેકને વિદેશી કે પરધર્મી આઈટમ ગણીને ધુત્કારતાં પણ હવે ગુજ્જુઓ આ બાબતે સંપૂર્ણ ગ્લોબલ અને લિબરલ બની ગયા છે! ઉપનિષદમાં કહે છે કે “અમને દરેક દિશાઓમાંથી સારા વિચારો પ્રાપ્ત થાઓ” એમ ગુજ્જુ સ્વાદ-પિપાસુઓ માટે ‘દરેક દિશાઓમાંથી અલગ અલગ આઈટમો પ્રાપ્ત થાઓ’- એવી સ્વાદ-ઘેલી બાબત છે! જે પ્રજા લોચો ખાવા સુરતમાં પ્રાતઃકાળે લાંબી લાઈનો લગાડે, જે પ્રજા માણેકચોકમાં 25 જાતની સેંડવીચો આખી રાત ચાવી જાય, જે કાઠિયાવાડીઓ ને ઓક્સિજન વિના ચાલે પણ ગાંઠિયા વિના નહીં, જે કચ્છીઓ દાબેલી ખાતા ખાતાં એવા સિસકારા નાખે કે છેક સરહદ પાર પાકિસ્તાન સુધી સંભળાય- એવાં ટેસ્ટફુલ ગુજરાતીઓ આપણે છીએં! અગાઉ પણ ગુર્જર નર-નારીઓ ખાધેપીધે સુખી હતા, આજે વધારે સુખી છીએં ને કાલે પણ વધુ હોઈશું!

**એક જમાનામાં પરદેશગમન કરતા કે વટલાઇ ગયેલાઓને ગંગાજળ છાંટીને શુદ્ધ કરવામાં આવતાં એમ આપણે દુનિયાની કોઇ પણ વાનગી પર સાકર-અથાણા-તેલ-ડ્રાયફ્રૂટ છાંટીને એને ગુજ્જુ આઇટમમાં વટલાવી નાખીએ છીએં!**

કદાચ કાળક્રમે આવતાં 10-15 વર્ષ પછી ગુજરાતીઓનાં લગ્નમાં ફૂડના કાઉન્ટર એક-બે-ત્રણ-ચાર માળ સુધી ફેલાયેલાં હશે. લોકો, ડિશ હાથમાં લઈને લિફ્ટમાં ત્રણ માળ સુધી ઉપર નીચે જઈને એક પછી એક આઈટમો ચાખી ચાખીને જમશે! લગ્નની વિધી ભલે 15 મીનીટ ચાલે પણ બૂફે ડિનર આખી રાત સુધી ચાલશે કે કદાચ 1-2 દિવસ ચાલે તો યે નવાઈ નહીં!

કદાચ આજથી 25-50 વર્ષ પછી તો મંગળ કે ચાંદ પર માણસ રહેવા માંડ્યો હશે અને ગુજ્જુઓએ ત્યાં ‘ઘરનું ઘર’ બનાવ્યાં હશે. ચાંદ પર જનારો પહેલો માનવી નીલ આર્મસ્ટ્રોંગ, જો ગુજરાતી હોત તો ત્યાં ચાંદ પર પાણી જોઈને તરત કહી બેઠો હોતઃ ‘હાશ, અહીં પાણી છે તો પાણીપુરીવાળો પણ હશે જ!’ એક જમાનામાં ગુજરાતી બ્રાહ્મણોનાં જમણવારમાં લાડુ ખાવાની હરિફાઈ થતી અને ભૂદેવો 100-100 લાડુ ઝાપટી જતાં- 100 વર્ષ પછી ચાંદ પર જઈને ગુજરાતીઓ પરગ્રહવાસીઓ કે એલિયન્સ જોડે લાડવાં ઝાપટવાની સ્પર્ધા કરે તો નવાઈ નહીં. ‘જમવા હાલો’- ગુજરાતોના આ 2 ફેવરિટ શબ્દો છે.

બાકી રાજકારણ, સમાજ-જીવન, સાહિત્ય-કળા એ બધું તો સમજ્યાં, શું?

**એન્ડ ટાઈટલ્સ:**
**ઈવ:** તને મારામાં સૌથી વધુ શું ગમે?
**આદમ:** જમવાનું પીરસતી વખતે તારી બંગડીઓનો અવાજ.

# ઝડપી બોલિંગ આક્રમણના સંયોજને RCB ને ખતરનાક ટીમ બનાવી દીધી છે

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 2026ની સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ ઈતિહાસના પાના પલટાવી નાખ્યા છે અને IPL 2026 માં સતત ત્રણ હોમ મેચ જીતી છે. આ નાનકડી જીતની સીરિઝ પાછળનું સૌથી સંતોષકારક કારણ તેમના ઝડપી બોલરોનું શાનદાર પ્રદર્શન છે. RCB શરૂઆતથી બેટિંગ ઓર્ડર મજબૂત ધરાવતું આવ્યું છે પણ છેલ્લી બે સિઝનથી તેમના બોલિંગ આક્રમણમાં પણ મજબૂતાઈ જોવા મળી રહી છે અને તેમાં પણ હાલની સિઝનમાં તેમનું ઝડપી બોલિંગ આક્રમણ પહેલાથી વધુ ખતરનાક બની ગયું છે. તેમાં વળી સ્પિનર તરીકે કૃણાલ પંડ્યા એક અલગ ભાત ઉમેરી રહ્યો છે અને તેથી જ હાલની આ IPL સિઝનમાં RCB ધમાકેદાર પ્રદર્શન કરી રહ્યું છે.

RCBના બોલરોએ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ, ચેન્નાઈ સુપર કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ જેવી ટીમોને મોટા અંતરથી હરાવી છે. આની સરખામણીમાં, IPL 2025માં RCB તેની ત્રણ હોમ મેચ હારી ગયું હતું, જે તેમના પ્રથમ ખિતાબ જીતવાના શાનદાર અભિયાન પર એક નાનો ડાઘ અને એકમાત્ર નિરાશાજનક પાસું હતું.. આ સિઝન શરૂ થાય તે પહેલાં, RCBનો અહીં 96 મેચોમાં 46 હાર અને 45 જીતનો રેકોર્ડ હતો, જે મુંબઈ ઈન્ડિયન્સ કે CSK જેવો મજબૂત નહોતો. જો કે હાલની સિઝનમાં એ સ્થિતિ સાવ બદલાયેલી જણાઈ રહી છે.

ખેલખેલમેં

જેકબ ડફીનો પ્રભાવ અને હેઝલવુડની વાપસી

RCBના પેસ બોલિંગ આક્રમણમાં પરિવર્તનની પ્રથમ ઝલક 28 માર્ચે જોવા મળી હતી જ્યારે જેકબ ડફીએ હૈદરાબાદના ટોપ-ઓર્ડરને ત્રણ વિકેટ ઝડપીને વેરવિખેર કરી દીધું હતું. ડફી ઈજાગ્રસ્ત જોશ હેઝલવુડનો બેકઅપ વિકલ્પ તરીકે હતો, પરંતુ તેની કુશળતા ઓછી નહોતી, કારણ કે તે 2025માં ICC T20 બોલિંગ રેન્કિંગમાં પ્રથમ ક્રમે હતો. શરૂઆતની મેચોમાં જોશ હેઝલવુડની ગેરહાજરીમાં તેણે પોતાની ભૂમિકા સારી રીતે ભજવી. હૈદરાબાદ સામેની મેચ પછી, ડફીએ કહ્યું કે હું ફક્ત તે દિગ્ગજ ખેલાડી પાસેથી જવાબદારી લઈ રહ્યો છું. જોશે ગયા વર્ષે અહીં ખરેખર સારું પ્રદર્શન કર્યું હતું, તેથી તે ફક્ત તેણે જે સારું કર્યું તે લેવાનું અને મારી રીતે તે જ કરવાનો પ્રયાસ કરવાનું છે.

RCBના મુખ્ય કોચ એન્ડી ફ્લાવરે કહ્યું હતું, ન્યૂઝીલેન્ડના ઝડપી બોલર ડફી પાસે ગતિ અને ઉછાળ છે, સાથે જ તે બોલને સ્વિંગ પણ કરાવી શકે છે. તેની ઊંચાઈ અને બોલ રિલીઝ કરવાનો ઊંચો પોઈન્ટ તેને વધુ ઘાતક બનાવે છે. ડફીએ ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા અને નીતીશ કુમાર રેડ્ડીને બાઉન્સર વડે આઉટ કરીને આ વાત સાબિત કરી હતી. ત્યારબાદ હેઝલવુડ ઈજામાંથી સાજો થઈને ટીમમાં પરત ફરતા જ તેણે તરત જ પોતાનો ક્લાસ દાખવીને પ્રભાવ પાડ્યો હતો. તેણે લખનૌ સુપર જાયન્ટ્સના બેટ્સમેનોને પોતાના ‘હેવી બોલ્સ’ અને ઉછાળથી ત્રસ્ત કરી દીધા હતા. તેનો એક ઉછળતો બોલ ઋષભ પંતના ડાબા હાથની કોણી પર પણ જોરદાર ઝાટકો માર્યો હતો, જેના કારણે તેણે રિટાયર્ડ હર્ટ થવું પડ્યું અને મોડેથી તે ફરી રમવા તો આવ્યો પણ તેમાં કઈ કરી શક્યો નહોતો. હેઝલવુડે 4 ઓવરમાં માત્ર 20 રન આપી 1 વિકેટ ઝડપી ‘મેન ઓફ ધ મેચ’ એવોર્ડ મેળવ્યો હતો.



અનુભવ અને યુવા પ્રતિભાનું સંતુલન

સુપર જાયન્ટ્સ સામેની મેચ પછી હેઝલવુડે કહ્યું હતું કે મારી પાસે બુમરાહ જેવી વિવિધતા (સ્લોઅર બોલ્સ) નથી, પરંતુ હું મારી ચોકસાઈ અને યોગ્ય લેન્થ પર કામ કરું છું. હું પ્રેક્ટિસ દરમિયાન સતત અલગ અલગ બાબતો પર કામ કરું છું અને આશા છે કે જરૂર પડ્યે હું તેનો ઉપયોગ કરી શકીશ.

**RCB શરૂઆતથી બેટિંગ ઓર્ડર મજબૂત ધરાવતું આવ્યું છે પણ છેલ્લી બે સિઝનથી તેમના બોલિંગ આક્રમણમાં પણ મજબૂતાઇ જોવા મળી રહી છે અને તેમાં પણ હાલની સિઝનમાં તેમનું ઝડપી બોલિંગ આક્રમણ પહેલાથી વધુ ખતરનાક બની ગયું છે**

RCB ના વાઈસ-કેપ્ટન જીતેશ શર્માએ ઉમેર્યું કે હેઝલવુડ પહેલા કરતા વધુ ફિટ અને ઝડપી બન્યો છે. ઈજા પછી તેણે ઘણો આરામ કર્યો છે. તેથી તે પહેલા કરતાં વધુ ઝડપી અને ફિટ છે, અને હવે તેને તેના શરીરમાં આત્મવિશ્વાસ છે. તે તેની બોલિંગમાં દેખાઈ રહ્યું છે.

બીજી તરફ, ભુવનેશ્વર કુમારે સ્લોઅર બાઉન્સર્સ, યોર્કર અને નકલ બોલનો ઉપયોગ કરીને બેટ્સમેનોને બાંધી રાખ્યા હતા અને તેણે ત્રણ વિકેટ ખેરવી હતી. આ બધા અનુભવી બોલરોની સાથે, જમ્મુ અને કાશ્મીરના 26 વર્ષીય રસિક સલામે પણ 4 વિકેટ ઝડપીને ડેથ ઓવર્સમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

તેણે 16મી થી 20મી ઓવર વચ્ચે ત્રણ મહત્વની વિકેટો લીધી હતી. આ રીતે, નિયમિત અને બેકઅપ ઝડપી બોલરોએ સાથે મળીને RCB ના હોમ વેન્યુના ડરને દૂર કર્યો છે.

હવે વિરોધી ટીમો જાણે છે કે તેઓ RCBને ઘરઆંગણે હરાવવાની આશા રાખી શકે નહીં અને RCB હવે ભારતભરના તમામ મેદાનો પર એક જોખમી ટીમ બની ગઈ છે.